Surat Municipal Corporation
e-Magazine
Issue 56
June 16, 2006

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલનું ૮૫.૨૪% પરિણામ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલ નં. ૧ થી ૯ સુરત શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં હાલમાં કાર્યરત છે. જે પૈકી સુમન હાઈસ્કૂલ નં. ૧ થી ૫ ખાતે ન્યુ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં કુલ–૫૨૨ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી કુલ–૪૪૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં સુમન હાઈસ્કૂલોનું ઓવરઓલ પરિણામ ટકાવારી ૮૫.૨૪% આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## " વિશ્વ પર્યાવરણ દિવસ " ની ઉજવણી



આખી દુનિયામાં ૫ મી જુન, વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવાય છે તેના ભાગરૂપે દર વર્ષની જેમ સરથાણા નેચર પાર્ક અને પ્રાણી સંગ્રહાલય ખાતે આજ રોજ મા. મેયરશ્રીના વરદ હસ્તે ઉજવણીનો શુભારંભ સવારે ૧૧–૩૦ કલાકે કરવામાં આવેલ તેમાં વિશ્વ પર્યાવરણ દિવસને લગતી પ્રવૃત્તિ કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>



## સરદાર સ્મૃતિ ભવન ખાતે યોજાયેલ " રંગ પ્રતિભા નાટ્ય મહોત્સવ "

સંગીત નાટક અકાદમી, નવી દિલ્હી અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા. ૧–૬–૦૬ થી તા. ૮–૬–૦૬ સુધી " રંગ પ્રતિભા નાટયોત્સવ " નું આયોજન સરદારપટેલ સ્મૃતિભવનમાં કરવામાં આવેલ હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## " વિશ્વ તમાકુ નિષેધ દિન " ની ઉજવણી



પ્રતિવર્ષ તા. ૩૧મી મે નો દિવસ " વિશ્વ તમાકુ નિષેધ દિન " તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ મારફતે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા જાહેર કરેલુ સુત્રઃ "તમાકુનું વ્યસન કોઈ પણ સ્વરૂપે જીવલેણ", **"TOBACCO DEADLY IN ANY FORM OR DISGUISE"** ના ભાગરૂપે મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના આદેશાનુસાર ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ ડો. વી.વી.પરમારના વડપણ હેઠળ સ્વામી વિવેકાનંદ સર્કલ મકકાઈપુલ ખાતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું....

વધુ માટે કલીક કરો >>>>>>



## કર્મયોગી તાલીમ

સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓમાં " કર્મયોગી " ની ભાવના મુર્તિમંત કરવા, તેઓનાં વલણમાં પ્રજાલક્ષી બદલાવ લાવવા, તેઓની ફરજ દરમ્યાનની કામગીરી પરિણામલક્ષી બનાવવા તેમજ તેઓમાં વિધેયાત્મક અભિયમનાં નિરૂપણ માટે સુરત મહાનગરપાલિકાનાં વર્ગ–૨ તથા વર્ગ–૩નાં અધિકારીઓ/ કર્મચારીઓ માટે વિધિવત કાર્ય શિબિરોનું આયોજન કરવામાં આવી રહેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલનું ૮૫.૨૪% પરિણામ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલ નં. ૧ થી ૯ સુરત શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં હાલમાં કાર્યરત છે. જે પૈકી સુમન હાઈસ્કૂલ નં. ૧ થી ૫ ખાતે ન્યુ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં કુલ–પરર વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી કુલ–૪૪૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં સુમન હાઈસ્કૂલોનું ઓવરઓલ પરિણામ ટકાવારી ૮૫.૨૪% આવેલ છે. જે બોર્ડના તથા સુરત–શહેર–જીલ્લામાં તમામ પેટાવિભાગ કેન્દ્રોમાં સૌથી ઉચું પરિણામ છે. ઉપરોકત શાળાઓમાં પ્રથમ ત્રણ ક્રમાંકિત વિદ્યાર્થીઓની ટકાવારી નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી બિપીન ગોરધનભાઈ વ્યાસ | ૯૨.૫૭% | સુમન હાઈસ્કૂલ નં. ૩ (કતારગામ) |
| (૨) | શ્રી ઘનશ્યામ નરેશભાઈ પાંડવ | ૯૦.૪૩% | સુમન હાઈસ્કૂલ નં. ૩ (કતારગામ) |
| (૩) | શ્રી હીનાબેન પ્રવિણભાઈ બવાલવા | ૮૯.૫૭% | સુમન હાઈસ્કૂલ નં. ૩ (વરાછા) |
| (૪) | શ્રી નયનાબેન બાબુભાઈ પટેલ | ૮૯.૫૭% | સુમન હાઈસ્કૂલ નં. ૩ (વરાછા) |

સુમન હાઈસ્કૂલ નં. ૫ (લીંબાયત–મરાઠી માધ્યમ) એ ૭૫.૧૯% પરિણામ પ્રાપ્ત કરી સમગ્ર સુરત શહેર–જીલ્લામાં મરાઠી માધ્યમની શાળાઓમાં પ્રથમ ક્રમે આવેલ છે. જેમાં સુમન હાઈસ્કૂલ નં. ૫ નાં વિદ્યાર્થી કમલેશ સાહેબરાવ બોરસે ૮૮.૧૪% પ્રાપ્ત કરી જીલ્લામાં સૌથી આગળ રહયા છે.

TOP

## " વિશ્વ પર્યાવરણ દિવસ " ની ઉજવણી

આખી દુનિયામાં ૫ મી જુન, વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવાય છે તેના ભાગરૂપે દર વર્ષની જેમ સરથાણા નેચર પાર્ક અને પ્રાણી સંગ્રહાલય ખાતે આજ રોજ મા. મેયરશ્રીના વરદ હસ્તે ઉજવણીનો શુભારંભ સવારે ૧૧–૩૦ કલાકે કરવામાં આવેલ તેમાં વિશ્વ પર્યાવરણ દિવસને લગતી પ્રવૃત્તિ જેવી કે (૧) ઝુ ખાતે પર્યાવરણ અને વન્ય જીવને લગતું નાનું પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવેલ. (૨) મા. મેયરશ્રી તથા હાજર પદાધિકારીશ્રી, ઉચ્ચ અધિકારીશ્રીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ. (૩) પદાધિકારીશ્રી અને અધિકારીશ્રીના હસ્તે રેસ્કયુ કરેલ જાનવરોને નેચરપાર્કના ખુલ્લા વાતાવરણમાં મુકત કરવામાં આવેલ તેમજ (૪) સરથાણા ખાતે નવનિર્મિત વોટર બોડીમાં ઝુ માં જન્મેલા પક્ષીઓનાં બચ્ચાને બહારના પક્ષીઓને આર્કષવા માટે મુકત કરવામાં આવેલ. તદ્ઉપરાંત જૈવિક વિવિધતાનું રક્ષણ, સંરક્ષણ, વન્ય જીવોના કલ્યાણ અને પ્રાણી સંગ્રહાલયના પ્રાણીનું વર્તન, પ્રાણી સંગ્રહાલયમાં પ્રવેશ લેનાર મુલાકાતીઓ માટે આચારસંહિતા ઉપર વ્યાખ્યાન અને પાંજરામાં બંધ જાનવરો સાથે મુલાકાતીઓ ધ્વારા કરવામાં આવતા કુવર્તન/વન્ડાલીસમ વિષય અંગેની વિસ્તૃત જાણકારી તેમજ ઝુ ખાતે વાઈલ્ડ લાઈફ એજયુકેશન અને જન જાગૃતિને લગતા વિવિધ પ્રકારના સાહિત્ય જેવા કે નાના–મોટા બુકલેટ, માસ્ક વિગેરેના વિતરણનો સમાવેશ થાય છે.



આ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જાહેર જનતાઓમાં તેમજ આવનાર પેઢીમાં સૃષ્ટિ અને વન્ય જીવ પ્રત્યેની જાણકારી, વ્યવહારૂ જ્ઞાન, પર્યાવરણ અને જાનવર પ્રત્યે લાગણી અને જાગૃતિ પેદા થાય તેને ધ્યાનમાં રાખી, નેચરપાર્ક ખાતે આવનાર મુલાકાતીઓ માટે ખાસ કાર્યક્રમ યોજી સમજ આપવામાં આવેલ. આ ઉપરાંત સરથાણા પ્રાણી સંગ્રહાલય ખાતે પર્યાવરણ અને વન્ય જીવ સૃષ્ટિ ઉપર ચિત્રકામ સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં પચાસ જેટલો આઠથી પંદર વર્ષની ઉંમરના બાળકોએ ભાગ લીધેલ. તેમાં વય પ્રમાણે ત્રણ ગૃપ પાડી દરેક ગૃપમાં વિજેતા રહેલ પ્રથમ, દ્વિતિય, તૃતીય સ્પર્ધકોને કેમ્લીન કંપની તરફથી ચેરમેનશ્રી ગાર્ડન કમિટિ અને ચેરમેનશ્રી સાંસ્કૃતિક સમિતિના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ. તદ્ઉપરાંત આ શીટ અને ડ્રોઈંગ કોમ્પીટીશનમાં ભાગ લેનાર દરેક બાળકોને સાંત્વના પુરસ્કાર આપવામાં આવેલ.



આ સમારંભ/કાર્યક્રમ સરથાણા નેચરપાર્ક અને પ્રાણી સંગ્રહાલય વિભાગ પૂરતો સિમિત તેમજ નાના પાયાનો હોય, આ કાર્યક્રમમાં મા. મેયરશ્રી, ડે.મેયરશ્રી, કમિશ્નરશ્રી, ગાર્ડન સમિતિના ચેરમેનશ્રી, સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રી, ગાર્ડન સમિતિના સભ્યશ્રીઓ, ડે. કમિશ્નરશ્રી (સ્પે.), ઝુ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, બાગબગીચા ખાતાના ઈજનેરશ્રી, ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટશ્રી ઉપરાંત પ્રાણી સંગ્રહાલય અને માછલીઘર, બાગબગીચા ખાતાના અધિકારી/સુપર વાઈઝરશ્રીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ. આ કાર્યક્રમમાં નેચર કલબના સભ્યશ્રીઓએ પણ સક્રિયપણે ભાગ લઈ, આવનાર મુલાકાતીઓ સમક્ષ સ્નેકસો અને તેને લગતા વિવિધ કાર્યક્રમો યોજી મુલાકાતીઓને મુગ્ધ કરી દીધા હતા.

## સરદાર સ્મૃતિ ભવન ખાતે યોજાયેલ " રંગ પ્રતિભા નાટ્ય મહોત્સવ "

સંગીત નાટક અકાદમી, નવી દિલ્હી અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા. ૧–૬–૦૬ થી તા. ૮–૬–૦૬ સુધી " રંગ પ્રતિભા નાટયોત્સવ " નું આયોજન સરદારપટેલ સ્મૃતિભવનમાં કરવામાં આવેલ હતું. આ નાટયમહોત્સવના અંતિમ દિન તા. ૮–૬–૨૦૦૬ના રોજ ભાવનગર યુનિ.ના પ્રોફેસર ડો. મહેન્દ્ર પરમાર દિગ્દર્શીત " મિથ્યાભિમાન " નાટક રજુ થયું હતું. નાટકની શરૂઆત પૂર્વે નાટય મહોત્સવના સફળ આયોજનમાં સક્રિય ફાળો આપવા બદલ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરે સુરત મહાનગરપાલિકાનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરી સરદારપટેલ સ્મૃતિભવનમાં ઉપસ્થિત સુરત મહાનગરપાલિકાના ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સમાજકલ્યાણ આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવાને અકાદમીના સભ્યસચિવશ્રી વી. સી. વર્માએ પુષ્પગુચ્છથી સન્માનિત કર્યા હતા. શ્રીમતિ અગ્રવાલે સંગીત નાટક અકાદમી, નવી દિલ્હીના મહાનુભાવોનું અભિવાદન કર્યુ હતું અને નાટય મહોત્સવના સફળ આયોજન બદલ સૌની સરાહના કરી હતી. આ પ્રસંગે પંજાબથી ખાસ પધારેલ રંગમંચ તજજ્ઞશ્રી આત્મજીતસીંઘ તેમજ અમદાવાદ, વડોદરાથી પધારેલ ખ્યાતનામ નાટયવિદો તેમજ સુરતના અગ્રણી નાટય કલાકારો કપિલદેવ શુકલ, યઝદી કરંજીયા વગેરેનું પ્રસંગોચિત સન્માન કર્યુ હતું.




" મિથ્યાભિમાન " નાટક પૂર્ણ થયા બાદ સમાજકલ્યાણ આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા તેમજ ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવાએ નાટકના દિગ્દર્શક ડો. મહેન્દ્ર પરમાર તેમજ આશીષ શુકલનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યુ હતું.

સમગ્ર નાટય મહોત્સવમાં મ્યુ. સભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, પ્રજાજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નાટકનો લ્હાવો માણી નાટય કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો.

TOP

## '' વિશ્વ તમાકુ નિષેધ દિન '' ની ઉજવણી

પ્રતિવર્ષ તા. ૩૧મી મે નો દિવસ '' વિશ્વ તમાકુ નિષેધ દિન '' તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ મારફતે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા જાહેર કરેલુ સુત્રઃ '' તમાકુનું વ્યસન કોઈ પણ સ્વરૂપે જીવલેણ'', **"TOBACCO DEADLY IN ANY FORM OR DISGUISE "** ના ભાગરૂપે મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીના આદેશાનુસાર ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી અને પ્રોજેકટ ઈન્ચાર્જ ડો. વી.વી.પરમારના વડપણ હેઠળ સ્વામી વિવેકાનંદ સર્કલ મકકાઈપુલ ખાતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે આંગણવાડી કાર્યકર બહેનો ઉપરાંત એસ.ટી.ડી. કેર પ્રોજેકટના કાઉન્સેલરો, કો–ઓર્ડીનેટરો અને શહેરી આરોગ્ય કેન્દ્રોના આરોગ્ય કાર્યકરો ઉપરાંત પરિવર્તન વ્યસન મુકિત કેન્દ્ર, ચોકબજાર અને જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કાર્યકર ભાઈ–બહેનો ઉપસ્થિત હતા.




અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વમાં ઘણા લોકોને તમાકુ લેવાની આદત છે. તેની વધતી જતી સંખ્યા દેશ, અલગ–અલગ ધર્મોને નુકશાન પહોંચાડી રહી છે. તેના કારણે લોકોમાં અપંગતા, રોગો, પ્રજનન શકિત ગુમાવી દેવી અને મૃત્યુ જેવા ભયાનક પરિણામો આવી શકે છે. તમાકુ બનાવતી કંપનીઓ મહામૂલી જિંદગી કરતા નફાને વધુ મહત્વ આપે છે. તમાકુનો વધતો જતો વ્યાપ આવનારી પેઢીના સ્વાસ્થ્ય માટે હાનીકારક બની રહે છે. ૨૧મી સદીમાં તમાકુની અલગ–અલગ વેરાયટી આવી ગઈ છે. જેવી કે હળવી, મંદ, ઓછી ઝેરી જેવી સિગારેટ, ગુટખા, તમાકુ આર્કષક પેકીંગ અને અનેરા સ્વાદમાં બજારમાં આસાનીથી ઉપલબ્ધ છે. તમાકુની બનાવટ પર લખેલ સામગ્રીમાં ભેળવેલા ઝેરી પદાર્થો માનવ સ્વાસ્થ્યને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે નુકશાન પહોંચાડી રહયા છે અને તમાકુની વિવિધ જાતોવાળી બનાવટથી મોતનો ભોગ બનાય છે જે અંગે સામાન્ય નાગરિકોમાં જનજાગૃતિ લાવવી જરૂરી છે.

વધુમાં, તા. ૭મી જુને આંગણવાડી કાર્યકર બહેનો માટે ગાંધીસ્મૃતિભવન ખાતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વિષયો (૧) તમાકુ : એક વ્યસન, (૨) વ્યસન મુકિતમાં મહિલાઓનો ફાળો અને (૩) ગુટખા અને યુવાનો હતા. જેમાં કુલ ૩૯ સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. જે પૈકી ઘટક–૧માંથી પ્રથમ ક્રમે શ્રીમતિ પ્રભાબેન ભટ્ટ (આંગણવાડી ક્રમાંક–૧૦૪), દ્વિતિય શ્રીમતિ મંજૂલાબેન પટેલ (ક્રમાંક–૧૦૧), તૃતિય શ્રીમતિ લલીતાબેન જાવલે (ક્રમાંક–૩૨) અને ઘટક–૨માં પ્રથમ ક્રમે શ્રીમતિ મિનાક્ષીબેન મોદી (ક્રમાંક–૨૭૧), દ્વિતિય શ્રીમતિ રશ્મીબેન પટેલ (ક્રમાંક–૩૦૪) અને તૃતિય શ્રીમતિ સુલભાબેન શાહ (ક્રમાંક–૧૬૯) વિજેતા જાહેર થયા છે. નિર્ણાયક તરીકે શહેરના જાણીતા જનરલ પ્રકેટીસનર ડો. ટીની નિકોલસ, પરિવર્તન વ્યસનમુકિતના પ્રોજેકટ ડાયરેકટર શ્રીમતિ અરૂણાબેન ઠકકર અને જીવનભારતી પ્રવૃતિ વિદ્યાલયના માજી આચાર્યા શ્રીમતિ નંદિનીબેન શાહે સેવા બજાવી હતી. રૂગ્ણાલય સમિતિના ચેરપર્સન શ્રીમતિ વર્ષાબેન રાણાના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન વી.ડી.પરમાર અને આભારવિધિ સી.ડી.પી.ઓ. શ્રીમતિ અરૂણાબેન દેસાઈએ કરી હતી.

TOP

## કર્મયોગી તાલીમ

સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓમાં " કર્મયોગી " ની ભાવના મુર્તિમંત કરવા, તેઓનાં વલણમાં પ્રજાલક્ષી બદલાવ લાવવા, તેઓની ફરજ દરમ્યાનની કામગીરી પરિણામલક્ષી બનાવવા તેમજ તેઓમાં વિધેયાત્મક અભિયમનાં નિરૂપણ માટે સુરત મહાનગરપાલિકાનાં વર્ગ–ર તથા વર્ગ–૩નાં અધિકારીઓ/કર્મચારીઓ માટે વિધિવત કાર્ય શિબિરોનું આયોજન કરવામાં આવી રહેલ છે. જેનાં ભાગરૂપે વિવિધ ખાતા/ઝોનનાં વર્ગ–રનાં અધિકારીઓ માટે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સુરતનાં સહયોગથી તા. ૧૩–૦૬–૨૦૦૬નાં રોજ સવારે ૯–૩૦ કલાકથી બપોરે ૫–૦૦ કલાક સુધી નવી સ્થાયી સમિતિ સભાખંડ, મહાનગરપાલિકા કચેરી, સુરત ખાતે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય એક આધ્યાત્મિક પ્રગતિ તરફ માર્ગદર્શન પુરી પાડનારી ધાર્મિક ચેરીટેબલ ટ્રસ્ટ છે. જેનો અસંખ્ય લોકોએ લાભ લીધેલ છે. સદર સંસ્થા માનવ મુલ્યોનાં ઉચ્ચ આદર્શો માટે કામ કરે છે, જેવાં કે (૧) સ્વઃ વિકાસ, (૨) આત્મચિંતન, (૩) માનસિક સમતુલન અને ઈચ્છા શકિત ઉપર કાબુ, (૪) સામાજિક ઉત્થાન માટે નિઃસ્વાર્થ સેવા અને (૫) સ્ટ્રેસ મેનેજમેન્ટ, આમ આધુનિક યુગનાં માનસિક તનાવગ્રસ્ત વાતાવરણમાં આનંદિત રહેવા માટેની સફળ ચાવી પ્રદાન કરવામાં સંસ્થાનો મહત્વનો ફાળો છે અને આ માટે વિવિધ સંસ્થાઓનો સંપર્ક કરી સેમીનાર/વર્કશોપનું આયોજન કરી આવી પ્રવૃત્તિઓને વધુ વેગ આપેલ છે.



આ સેમીનારમાં બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, માઉન્ટ આબુનાં ગ્લોબલ હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટરમાં માનદ સેવા આપતાં ડો. પ્રેમ મસંદ કેળવણીકાર તરીકે ઉપસ્થિત રહયા હતા. તેઓ એમ.ડી.(રેડીયોલોજી)ની ડીગ્રી ધરાવે છે અને રેડીએશન ઓનલોજીસ્ટ તરીકેનો ૨૬ વર્ષનો અનુભવ ધરાવે છે. તેઓ વિશ્વસ્તરે વ્યકિતનાં તમામ પાસાઓને સ્પર્શતા વિષયો ઉપર સેમીનાર આયોજન કરી વ્યકિત વિકાસ દ્વારા સામાજિક વિકાસમાં મહત્વનો ફાળો આપેલ છે. તેઓએ કોલેજ, યુનિ., મેડીકલ એસોસીએશન, હોસ્પીટલો, એલ. એન્ડ ટી., ઈસરો, આઈઆઈટી વિગેરે સંસ્થાઓમાં તાલીમ આપેલ છે. આમ, આ આયોજન દ્વારા અધિકારીઓમાં વધુ હેતુલક્ષી વલણનું નિર્માણ કરવા સહિત તેઓની કાર્ય કરવાની શૈલીમાં પણ મુળભુત ફેરફાર થવાની પુરેપુરી શકયતા છે તેમજ તેઓનું વલણ વધુ જવાબદારીપુર્ણ થશે જે મુળભુત ફેરફારની છાપ તેઓ તેમનાં તાબા હેઠળનાં કર્મચારીઓ ઉપર પણ સફળતાપૂર્વક પાડી શકશે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનાં સંસ્થાકીય કાર્યશૈલીમાં પરિણામલક્ષી પરિવર્તન લાવી શકાશે.

TOP